# ઓસ્ટ્રેલિયા વર્લ્ડ ચેમ્પિયન

## ક્રિકેટ વર્લ્ડ કપ ફાઇનલ મેચમાં ન્યુઝીલેન્ડ પર સાત વિકેટે જીત : લો સ્કોરિંગ મેચમાં ઓસ્ટ્રેલિયાના બોલરોની સામે ન્યુઝીલેન્ડના બેટ્સમેનોની શરણાગતિ : માત્ર ૧૮૩માં જ ઓલઆઉટ : સતત આઠ જીત બાદ હાર



મેલબોર્ન,તા. ૨૯

મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આજે રમાયેલી આઈસીસી વર્લ્ડકપની ફાઈનલ મેચમાં ઓસ્ટ્રેલિયાએ ન્યુઝીલેનડને સાત વિકેટે હાર આપીને પાંચમી વખત વર્લ્ડકપનો તાજ પોતાના કબજામાં લઈ લીધો હતો. આસ્ટ્રેલિયાએ આ અગાઉ ૧૯૮૭, ૧૯૯૯, ૨૦૦૩, ૨૦૦૭માં વર્લ્ડકપ જીતવામાં સફળતા મેળવી હતી. જીત માટે મળેલા ૧૮૪ રનના સામાન્ય લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ ૩૩.૧ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. પોતાના શાનદાર દેખાવથી ઓસ્ટ્રેલિયાએ આ મેચને એકતરફથી બનાવી દીધી હતી. ન્યુઝીલેન્ડની ટીમ ક્યારે પણ આ મેચમાં ઓસ્ટ્રેલિયા ટક્કર આપતી નજરે પડી ન હતી.

ઓસ્ટ્રેલિયા માટે છેલ્લી મેચ રમી રહેલા માઈકલ ક્લાર્કે ૭૪ રનની યાદગાર ઈનિંગ્સ રમી હતી. આ ઉપરાંત સ્મિથે અણનમ ૫૬ રન બનાવ્યા હતા. આ જીતની સાથે જ ઓસ્ટ્રેલિયા પાંચમી વખત વિશ્વ વિજેતા બની ગયું હતું. ન્યુઝીલેન્ડની ટીમ સતત આઠ મેચો જીતી ગયા બાદ ફાઇનલમાં પહોંચી ગઈ હતી. ગ્રુપ મેચમાં પણ ન્યુઝીલેન્ડે ઓસ્ટ્રેલિયા ઉપર જીત મેળવી હતી પરંતુ ફાઈનલમાં ન્યુઝીલેન્ડની ટીમ નબળી પુરવાર થઈ હતી. પ્રથમ બેટિંગ કરતા ન્યુઝીલેન્ડની ટીમ ૧૮૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યુઝીલેન્ડ તરફથી ટેલરે ૪૦ અને ઈલિયોટે ૮૩ રનની ઈનિંગ્સ રમી હતી. અન્ય કોઈપણ બેટ્સમેનો મેદાન પર ટકી શક્યા ન હતા. ઓસ્ટ્રેલિયા તરફથી મિચેલ જહોનસન અને ફોકનરે ૩-૩ વિકેટો ઝડપી હતી જ્યારે સ્ટાર્કે બે અને મેક્સવેલે એક વિકેટ ઝડપી હતી.

૯૦ હજારથી પણ વધુ ક્રિકેટ ચાહકોની હાજરીમાં આ મેચ રમાઈ હતી જેમાં ન્યુઝીલેન્ડના કેપ્ટન મેક્કુલમે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ આ નિર્ણય આત્મઘાતી પુરવાર થયો હતો. ન્યુઝીલેન્ડે ૩૯ રનમાં જ તેની ત્રણ વિકેટો ગુમાવી દીધી હતી. ત્યારબાદ ટેલર અને ઈલિયોટે બાજી સંભાળી હતી અને સ્કોરને ૧૫૦ સુધી લઈ ગયા હતા પરંતુ ત્યારબાદ ફરી એકવાર ધબડકો થયો હતો. ૧૫૦ રને ચોથી વિકેટ પડ્યા બાદ ૧૮૩ રન ઉપર જ ન્યુઝીલેન્ડની ટીમ ઓલઆઉટ થઈ ગઈ હતી. ન્યુઝીલેન્ડના બેટ્સમેનોએ નિયમિત રીતે વિકેટો ગુમાવી હતી. જીતવા માટેના ૧૮૪ રનના લક્ષ્યાંકનો પીછો કરતા ઓસ્ટ્રેલિયા તરફથી વોર્નરે ૪૬ બોલમાં ૪૫ રન કર્યા હતા. જો કે ફિન્ચ શૂન્ય રને આઉટ થયો હતો. કેપ્ટન ક્લાર્કે કેપ્ટન ઈનિંગ્સ રમીને ૧૦ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૭૨ બોલમાં ૭૪ રન કર્યા હતા. સ્મિથ ૫૬ રન બનાવી નોટઆઉટ રહ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ ૩૩.૧ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને આ રન બનાવી લીધા હતા. આની સાથે જ ઓસ્ટ્રેલિયા પાંચમી વખત ચેમ્પિયન બન્યું હતું. આ મેચમાં શાનદાર બોલિંગ કરવા બદલ ફોકનરની મેન ઓફ દ મેચ તરીકે પસંદગી કરાઈ હતી જ્યારે વર્લ્ડકપ દરમિયાન ૨૨ વિકેટ લેનાર સ્ટાર્કની મેન ઓફ દ સિરીઝ તરીકે પસંદગી કરાઈ હતી.

### સે-૪-એ ખાતે આજે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૨૯

જય બુટ ભવાની માં આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ સોમવાર બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન કપિલાબેનના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૦૭૩/૨ સેકટર-૪-એ ગાંધીનગર ખાતે યોજાશે. ભકતોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

### તલાટીની ભરતી કરાશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

રાજ્ય સરકાર દ્વારા ખાલી પડેલી તલાટીઓની જગ્યાઓ ભરવા તમામ પ્રકારની તૈયારીઓ કરી લીધી છે. આમ આ તલાટીની ભરતી માટે આગામી ૧-૨ એપ્રિલની આસપાસ આ તલાટીની ભરતી અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરી ઓજસ વેબસાઈટ પર મુકવામાં આવશે. અને તા. ૪ એપ્રિલથી ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા પણ શરૂ થી જશે તેમ અંગત સૂત્રોએ જણાવ્યુ હતુ.

## ડીસા હત્યા કેસનો નાસતો ફરતો આરોપી એલ.સી.બી. બનાસકાંઠાએ ઝડપ્યો

પાલનપુર, તા. ૨૯

ડીસા રૂરલ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૧૭૯/૨૦૧૪ના કામે પોલીસ કસ્ટડીમાંથી નાસી જનાર આરોપી દશરથસિંહ કેશાજી ઠાકોર (બોડાલા) ભાગેલ તે જગ્યાએથી તેના વતન ખડોસણ જતા ગામ આજુબાજુ નાકાબંધી કરાવવામાં આવેલ અને જિલ્લાના તમામ અધિકારીઓને મેસેજ કરી આરોપી પકડવા સઘન



મુળ રહે. શેરગઢ તા. ડીસા હાલ રહે. ખરડોસણ તા. ડીસાવાળો જે ડીસા રૂરલ પો. સ્ટે. ફ.ગુ.ર. નં. ૧૭૯/૧૧૪ ઈ.પી.કો.ક. ૩૯૪, ૧૧૪ તથા ૨૨૭/૨૦૧૪ ઈ.પી.કો. ક. ૩૦૨, ૧૧૪ના કામે રીમાન્ડ ઉપર હોઈ જે તા. ૨૬-૩-૨૦૧૫ના રોજ પોલીસ જાપ્તામાંથી ભાગી ગયેલ જે બનાવના બાબતે ડીસા શહેર દક્ષિણ પો. સ્ટે. ફ.ગુ.ર.નં. ૨૦/૨૦૧૫ ઈ.પી.કો.ક. ૨૨૪ મુજબનો ગુનો દાખલ થયેલ. જે આરોપી ભાગેલના મેસેજ મળતા તાત્કાલિક આરોપી નાકાબંધી કરાવવામાં આવેલ અને ડીસા વિભાગના અધિકારી તથા કર્મચારીઓને એલ.સી.બી.ના સ્ટાફ સાથે રાખી સતત આરોપીને શોધવા કાર્યવાહી ચાલુ રાખેલ તેમજ આજરોજ જે.એચ. સિંધવ પોલીસ સબ ઈન્સ્પેકટર એલ.સી.બી. પાલનપુર તથા સ્ટાફના મોહનસિંહ, ગણપતલાલ, પ્રકાશભાઈ, બળવંતસિંહ, રાજેશકુમાર, મહેશકુમાર, પંકજકુમાર વિગેરે માણસો અલગ અલગ ટીમો બનાવી ડીસા, લાખણી વિસ્તારમાં મળેલ હકિકત અન્વયે તપાસ કરતા આરોપી દશરથજી કેશાજી ઠાકોરને કાતરવા ગામની સીમમાંથી પકડી પાડી ડીસા રૂરલ પો.સ્ટે. સોંપવામાં આવેલ છે.

### દેશભરમાં સર્વપ્રથમ ગુજરાતમાં જુન માસમાં લેંગ્વેજ બેસ્ડ રિયાલીટી શૉનું આયોજન

અમદાવાદ, તા. ૨૯

આગામી જુન માસમાં ભારતની પ્રથમ લેંગ્વેજ બેસ્ડ રિયાલીટી શૉનું ગુજરાતમાં આયોજન થશે તેને સંભવતઃ ગુજરાતનું શિક્ષણ ખાતું તેને સમર્થન આપશે. આ સમગ્ર યોજનાનું આયોજન વી. સર્વ પ્રો. વર્કશોપ દ્વારા હાથ ધરાનારું છે.

આ અંગ્રેજી બેસ્ડ રિયાલીટી શૉમાં ગુજરાતના ધો-૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પ્રથમવાર કોઈ એક ભાષાને લઈને લાઈવ શૉ થઈ રહ્યો છે. એલીગંટ એન્ડ ડાયનામીક ગુજરાત ફોર ઈંગ્લીશ નામક આ સ્પર્ધાનો મુખ્ય વિષય વસ્તુ અંગ્રેજી ભાષાના અભ્યાસ માટે એક પરફોમન્સ આધારિત કાર્યક્રમ છે. આમાં ૩ ગ્રુપ કરાશે. પ્રથમ ગ્રુપમાં ધોરણ ૫ થી ૭, બીજા ગ્રુપમાં ધોરણ ૮ થી ૧૦ અને ત્રીજા ગ્રુપમાં ધો-૧૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લેશે. ત્યારબાદ ૩ લેવલમાં આ શોને આયોજીત કરાશે. જેમાં લેવલ-૧માં ઓનલાઈન રેપિડફાયર ટેસ્ટ લેવામાં આવશે તેનાથી સફળ થયેલા વિદ્યાર્થીઓ લેવલ-૨માં ભાગ લેશે જ્યાં ઓફલાઈન કોમ્પીટીશન થશે અને તેમાંથી સફળ થયેલ વિદ્યાર્થીઓ લેવલ-૩ના લાઈવ શોમાં ભાગ લેશે. લેવલ ૩ માં સૌથી ટોપ ઉપર રહેનાર વિદ્યાર્થીને વિજેતા જાહેર કરાશે તેમ વી. સર્વ પ્રો. વર્કશોપના માલિક વિશાલ પંડયાએ જણાવ્યું હતું. તેના જણાવ્યા પ્રમાણે ૩ જી મોબાઈલ નેટવર્ક થયું ત્યારે આ ૩ જી એટલે (ગુજરાત ગોઝ ગ્લોબલ). આ ૩જી બાળકોને તેમની અંદર રહેલી પ્રતિભા બહાર આવે તે માટે આયોજન કરાયું છે.

**રક્તદાન મહાદાન**

### મોડાસા નગરપાલિકા દૂર્ઘટનાની રાહ જુએ છે ?

## પાણીથી છલોછલ ઓધારી લેકમાં સીક્યુરીટીના નામે મીંડુ

મોડાસા,તા. ૨૯

અરવલ્લી જિલ્લાના મોડાસા નગરપાલિકા દ્વારા માલપુર રોડ પર આવેલા સાંઈબાબા મંદિરની નજીક શહેરીજનોને હવા-ફરવા અને બાળકોના આનંદ પ્રમોદ માટે કરોડો રૂપિયાના મતાબર ખર્ચે દોલપા તળાવ (ઓધારી લેક)નું રીનોવેશન અને બ્યુટીફીકેશન તેમજ એક્યુપ્રેસર ગાર્ડન અને સુંદર બગીચાનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ મોડાસા નગરપાલિકા દ્વારા ઓધારીલેકમાં સલામતી માટે યોગ્ય વ્યવસ્થા ન ગોઠવતાં ગમે ત્યારે મોટી દુર્ઘટના સર્જાવાના ભણકારા વાગી રહ્યા છે.

મોડાસા નગરપાલિકા દ્વારા મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા સાંઈબાબા મંદિરની નજીક પ્રજાજનોને હરવા-ફરવા માટે પોણા બે કરોડ જેટલી માતબર રકમ ખર્ચી રીનોવેશન અને બ્યુટીફીકેશન કરી શહેરના ભૂલકાઓ માટે રમવા માટે સુંદર ગાર્ડનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યારે ઓધારા લેકની બાજુમાં મોડાસા નગરપાલિકા અને ગાયત્રી પરિવારના સંયુક્ત ઉપક્રમે પ્રજાજનોના સ્વાસ્થ્યને મદદરૂપ થવા માટે રાજ્યનો સૌ પ્રથમ એક્યુપ્રેસર માર્ગે બનાવવામાં



આવ્યો છે. આમ મોડાસા શહેરમાં એક જ જગ્યાએ પ્રજાજનોને અને ભૂલકાઓ માટે ત્રીવેણી સંગમ રચાયો હોવાથી અહિ રવિવાર કે પછી ત્યોહારના દિવસે શહેરીજનો, વડીલો અને ભુલકાઓ મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ત્યારે પાણીથી ભરેલા છલોછલ ઓધારીલેકમાં યોગ્ય સલામતી ન હોવાથી અને ઓધારીલેકની ફરતે ગોઠવેલી રેલીંગ એ બાળકોની સલામતી જોખમાય તે રીતે બનાવેલી હોવાથી જ્યારે બાળકો રમતા રમતા મશગુલ બની રેલીંગ ઓળંગી પાણીમાં ખાબકવાના બનાવ બનવાની શક્યતા વધી જાય છે. જ્યારે ૮ વર્ષથી મોટા બાળકો રેલીંગની ઉંચાઈ ઓછી હોવાથી રેલીંગ ઓળંગી તળાવની કિનારી પર દોડાદોડી કરતા જોવા મળે છે. ક્યારેક પગ લપસી પડવાના કારણે અથવા સંતુલન ગુમાવવાના ગમે ત્યારે કોઈ શહેરીજનનો લાડકવાયાનુ પાણીમાં ડુબી જવાથી પ્રાણ ઘુમાવવાનું નકારી શકાય તેમ નથી.

મોડાસાના અગ્રણી મહિલા જ્યોત્સનાબેનના જણાવ્યા અનુસાર નગરપાલિકા દ્વારા સુંદર પર્યટન સ્થળ બનાવવામાં આવ્યું છે. પરંતુ બાળકોની સલામતી માટે મોડાસા નગરપાલિકા દ્વારા યોગ્ય પગલા ભરી તળાવની ફરતે લોખંડની ઝાળી લગાવવામાં આવે અને સિક્યુરીટી ગાર્ડ ગોઠવવામાં આવે તો મોટી દૂર્ઘટના ઘટતી અટકાવી શકાય.

### શબ્દાવલી - ૫૯૮૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | | ૫ | |
| ■ | ૬ | | ૭ | | ■ | | ■ |
| ૮ | | ■ | | ■ | ૯ | | ૧૦ |
| | ■ | ૧૧ | | ૧૨ | | ■ | |
| ૧૩ | ૧૪ | | ■ | ૧૫ | | ■ | |
| ■ | ૧૬ | | ૧૭ | | ■ | ૧૮ | |
| ૧૯ | ■ | ૨૦ | | ■ | ૨૧ | | |
| ૨૨ | | ■ | ૨૩ | | ■ | ૨૪ | |

**આડી ચાવી**

૧. એક સદાબહાર ઋતુ (૩)
૪. તરબર, રસબોળ (૪)
૬. કૃષ્ણનું એક નામ, કૃષ્ણના પિતા (૪)
૮. દુઃખ, દર્દ (૨)
૯. વિનવણી (૩)
૧૧. સારી વસ્તુમાં ખરાબ વસ્તુ ભેળવી દેવી તે (૪)
૧૩. નારાયણનો પરમ ભક્ત(૩)
૧૫. પત્તા, ગંજીફા (૨)
૧૬. ભાગલા (૪)
૧૮. બુચ (૨)
૨૦. હિંસક પ્રાણી (૨)
૨૧. બત્તી, દીવો (૩)
૨૨. સાધુ સંતનું રહેઠાણ (૨)
૨૨. ગંજીફાની એક રમત (૨)
૨૪. કિનારો, આરો (૨)

**ઊભી ચાવી**

૨. ડાયલોગ, વાકયો (૩)
૩. જરા પણ, એક માપ (૨)
૪. પ્રેમ, સ્નેહ (૨)
૫. પરહેજ, ચરી (૩)
૭. ખ્રિસ્તીઓનું ધર્મસ્થાન(૩)
૮. કાળજી, સંભાળ (૩)
૯. પ્રમાદ, એદીપણું, સુસ્તી(૩)
૧૦. જીવના જોખમે (૬)
૧૧. વેરો આંતરો (૪)
૧૨. રાક્ષસ, દાનવ (૩)
૧૪. સૂર્ય, સન (૨)
૧૭. ચોક્કસ, અવશ્ય (૩)
૧૮. ઇરાદો, મનસા (૩)
૧૯. વતન, શહેરનો વિરોધી શબ્દ... થાય (૨)

**શબ્દાવલી ૫૯૮૪ના જવાબ**

**આડી ચાવી :-** (૧) બદતમીઝ (૫) જરા (૭) હુનર (૮) મીનમેખ (૯) ભાસ્કર (૧૦) લાડી (૧૩) જામનગર (૧૫) બાસુંદી (૧૬) વધ (૧૮) નરાધમ (૧૯) નહેર

**ઊભી ચાવી :-** (૨) બહુરુપી (૨) દન (૩) તરભાણું (૪) ઝમીર (૫) જમેલા (૬) રાખડી (૧૧) મનભાવન (૧૨) વસુંધરા (૧૪) રહેવર (૧૫) બાવન (૧૭) મમ

## ટાઈમ લાઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

કોર્પોરેશન સાથે સંયુક્ત સાહસમાં ૧૦૦૦ મેગાવોટના ગેસ આધારિત બે વીજ પ્રોજેક્ટ માટે ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડે કરાર કર્યા છે. આ બન્ને પ્રોજેક્ટ પૈકી એક પાટણ જિલ્લાના સમી તાલુકાના વાઘેલ ગામ પાસે અને બીજો મહેસાણા જિલ્લાના વડનગર તાલુકાના રાજપુર ગામ પાસે સ્થપાનાર છે. આ બન્ને વીજ પ્રોજેક્ટના કારણે ઉત્તર ગુજરાતની તસવીર બદલાઈ જશે તેવું સરકારનું માનવું છે, કારણ કે આ કોરિડોર માટે વીજ પ્રોજેક્ટ જેટલા જરૂરી છે તેટલા જ આ વિસ્તારના વિકાસ માટે આવશ્યક છે. કેન્દ્ર અને રાજય સરકારનો આ ઉત્તમ પ્રોજેક્ટ છે...

**જીઓ થર્મલ અને ટાડઇલ પાઇપલાઇનમાં ...**

ગુજરાતમાં ટાઈડલ પ્રોજેક્ટની શક્યતાને ધ્યાને રાખીને સરકારે સમુદ્રના મોજાં આધારિત વીજળી પેદા કરવાની યોજનાનું કામ ગુજરાત પાવર કોર્પોરેશનને આપ્યું છે. આ કંપનીએ એટલાન્ટીસ રિસોર્સિસ કોર્પોરેશનનો સહયોગ લઈને ટાઈડલ વીજળી પેદા કરવા માટે કચ્છ અને ખંભાતના અખાતમાં શક્યતાઓ તપાસવાનું શરૂ કર્યું છે. બીજી તરફ જીઓ થર્મલની સંભાવના ચકાસવા ઈન્સ્ટીટ્યુટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ અને પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીને કામગીરી સોંપી છે. આ બન્ને સંસ્થાઓનો રિપોર્ટ આવ્યા પછી સરકાર આ દિશામાં આગળ વધે તેમ લાગે છે.

**૫ કરોડની લોન, પણ વ્યાજ ૭ કરોડ ...**

ગુજરાતના બોર્ડ-કોર્પોરેશન ખોટના બહાના આગળ કરીને સરકાર પાસેથી લીધેલી લોન પરત કરતા નથી. આવો એક કિસ્સો પ્રવાસન નિગમનો બન્યો છે. ગુજરાત સરકારે ૧૯૮૫ થી ૧૯૯૬ દરમ્યાન ૨૦ થી ૨૨ ટકાના દરે કોર્પોરેશનને ૫.૨૮ કરોડની લોન આપી હતી. કોર્પોરેશને લોન તો સરકારને પરત કરી દીધી છે પરંતુ વ્યાજની રકમ આપવાનો ઈન્કાર કરે છે. આટલા વર્ષો પછી સરકારે ૭.૪૬ કરોડનું વ્યાજ ચૂકવવા જણાવ્યું છે પરંતુ નિગમે આ વ્યાજ જતું કરવા સરકારને અરજી કરી છે. આશ્ચર્ય એ વાતનું છે કે નિગમે લીધેલી લોનની સામે વ્યાજની રકમ બહું ઉંચી થવા જાય છે તેથી નિગમે હાથ અદ્ધર કરી દીધા છે...

**૨૦૧૭ની ચૂંટણી મહિલા-યુવાનો માટે ...**

ગુજરાત વિધાનસભાની ૨૦૧૭માં આવી રહેલી ચૂંટણી મહિલા અને યુવાનો માટે હશે, કારણ કે ભાજપે અત્યાર થી જ તેની તૈયારી કરી દીધી છે. એક સર્વે પ્રમાણે કોંગ્રેસ કરતાં ભાજપમાં આજે મહિલા અને યુવાનોની સંખ્યા સવિશેષ નોંધાયેલી છે. ૨૦૧૨ની ચૂંટણીમાં વિજય માટે નરેન્દ્ર મોદીએ મહિલા અને યુવા મતદારો ઉપર વધારે ભાર મૂક્યો હતો પરંતુ કોંગ્રેસના પ્રદેશ નેતાઓને તે સમજાયું નહીં, અને પાંચ વર્ષ ગુમાવી બેઠાં... હવે પણ જો કોંગ્રેસ જાગૃત નહીં બને તો ભાજપ ૨૦૧૭માં મહિલા અને યુવા મતદારોના સહારે ચૂંટણી જીતી શકે છે. ગુજરાતમાં ૨૦ થી ૨૯ વર્ષની વયના મતદારોની સંખ્યા એક કરોડ અને ૩૦ થી ૩૯ વર્ષના મતદારોની સંખ્યા એક કરોડ કરતાં વધારે છે. જયારે મહિલા મતદારો ૧.૯૦ કરોડ નોંધવામાં આવેલા છે...

**ગુજરાતમાં હજી નિરક્ષકો મોજૂદ છે ...**

આઝાદી પછીના આટલા વર્ષોમાં ગુજરાતે વિકાસ તો કર્યો છે પરંતુ નિરક્ષકોને સાક્ષર કરવામાં ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરી નથી. રાજયમાં સાક્ષરતાનો દર ઉંચો લાવવા માટે પૌઢ શિક્ષણના વર્ગો ચલાવવામાં આવે છે પરંતુ કોણ જાણે મોટી ઉંમરના લોકોને ભણવાની શરમ આવી રહી છે. કચ્છ જિલ્લામાં આજની તારીખે ૩.૫૪ લાખ લોકો નિરક્ષર છે, જેની સામે અમદાવાદમાં હજી પણ ૫.૯૮ લાખ લોકો ભણ્યા નથી. ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ૧.૨૨ લાખ અભણ લોકો વસવાટ કરે છે. આપણા આદિવાસીઓ ઘણાં સારા છે, જેમાં સાક્ષરતાનું પ્રમાણ ઉંચું છે. ડાંગ જિલ્લામાં માત્ર ૩૦ હજાર લોકો જ નિરક્ષર છે. આટલો ઓછો આંકડો રાજયના કોઈ જિલ્લામાં નથી. આદિવાસી પરિવારોને સલામ છે...

**મહિલા પોલીસ સ્ટેશન છે, સ્ટાફ નથી ...**

ગુજરાતમાં સરકાર મોટા ઉપાડે જાહેરાતો તો કરે છે પરંતુ મેનપાવરની હંમેશા અછત સર્જાયેલી રહે છે. મહિલાઓ સામેના ગુનાઓ ઉકેલવા સરકારે રાજયમાં ૩૦ મહિલા પોલીસ સ્ટેશન તો ખોલી દીધા છે પરંતુ તેમાં સ્ટાફના નામે મીડું છે. સરકારે આપેલી સત્તાવાર માહિતી પ્રમાણે આ ૩૦ પોલીસ સ્ટેશનમાં ૧૭૨૩ જગ્યાઓનું મહેમક મંજૂર કરવામાં આવેલું છે પરંતુ હાલની સ્થિતિએ માત્ર ૫૦૫ મહિલા પોલીસ કાર્યરત છે. આ પોલીસ સ્ટેશનોમાં ૧૨૧૮ જેટલી જગ્યાઓ ખાલી પડી છે. મહિલા પોલીસ સ્ટેશનના બોર્ડ જોઈને જ રાજયની મહિલાઓએ સંતોષ માનવાનો છે, કારણ કે ફરિયાદ નોંધાવવા જાવ તો પોલીસ જોવા નહીં મળે...

**ફિલ્મો અસ્તાચળ ભણી પણ ઘોડા જીવંત ...**

ગુજરાતી ફિલ્મોમાં ખાસ કરીને ઉપેન્દ્ર ત્રિવેદીના જૂના ફિલ્મોમાં ઘોડાનું ચલણ પૂરજોશમાં હતું. આ કલાકાર હવે તો રહ્યા નથી પરંતુ વીર માંગડાવાળો, હોથલ પદમણી, જેસલ તોરલ, શેતલને કાંઠે જેવી અસંખ્ય ફિલ્મોમાં ઘોડાનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો હતો. ગુજરાતના ક્ષત્રિયો પણ આજની તારીખે ઘોડા રાખવાના શોખિન છે. ગુજરાતી ફિલ્મોનો સુવર્ણકાળ પૂર્ણ થયો છે પરંતુ ઘોડા હજી જીવંત છે તે રાજવી શોખની ઉત્તમ નિશાની છે. સરકારની પશુ વસતી ગણતરી પ્રમાણે આજની સ્થિતિએ ગુજરાતમાં ઘોડાની સંખ્યા ૧૮,૨૬૪ નોંધવામાં આવી છે. ગુજરાત તેના પશુધનમાં સમૃદ્ધ છે. નોંધાયેલા આંકડા પ્રમાણે રાજયમાં ૨.૭૧ કરોડ પશુઓ છે જેમાં સૌથી વધુ ગાય અને ભેંસ છે. ૩૦,૪૧૫ તો ઉંટ છે જે મુખ્યત્વે કચ્છમાં વધુ જોવા મળે છે...

**હોસ્ટેલનો શિયાળો હવે હોટ બનશે ...**

ગુજરાતની જેટલી સરકારી હોસ્ટેલ આવેલી છે તેનો શિયાળો હવે હોટ બનશે, કારણ કે સરકારે આવી તમામ હોસ્ટેલોમાં સોલાર વોટર હિટીંગ સિસ્ટમ બેસાડવાનું નક્કી કર્યું છે. રાજયની ઈજનેરી, તબીબી અને વિવિધ ફેકલ્ટીની કોલેજ હોસ્ટેલો, નિવાસી આશ્રમશાળાઓ, તમામ યાત્રાધામો તેમજ અન્ય સરકારી હોસ્ટેલોમાં સ્નાન માટે ગરમ પાણી મળી રહેશે. સરકાર જો ૧૦૦ જગ્યાએ આવી સિસ્ટમ બેસાડે તો કુલ ૧.૮૫ લાખ લીટર ગરમ પાણી પ્રતિદિન ઉપલબ્ધ થઈ શકે તેમ છે અને તે પણ કોઈપણ પ્રકારના ઈલેક્ટ્રિક ખર્ચા વિના... સરકાર તો આ સિસ્ટમ ઉભી કરશે પરંતુ પ્રાઈવેટ કોલેજો કે યુનિવર્સિટીની હોસ્ટેલોમાં પણ સોલાર સિસ્ટમ વાપરવાનું દબાણ કરે તો શિયાળાના ત્રણ મહિના કેટલી વીજળી બચી શકે તેનો હિસાબ કરવા જેવો છે...

**પોલીસ સ્ટેશનમાં પણ ભાડા વધારો ...**

ગુજરાતમાં ઓછામાં ઓછા ૧૦૦ પોલીસ સ્ટેશન એવાં છે કે જેમને પોતાની માલિકીનું મકાન નથી. આ પોલીસ સ્ટેશનો ભાડાના મકાનમાં બેસે છે. અમદાવાદમાં આવા ૧૪ પોલીસ સ્ટેશન છે. રાજયના લગભગ બધાં જિલ્લામાં એક કે બે પોલીસ સ્ટેશન ભાડાના મકાનમાં બેસે છે. ૨૦૧૦ના વર્ષમાં રાજયના ગૃહ વિભાગે આવા ભાડાના પોલીસ સ્ટેશનો માટે ૯.૭૧ લાખનું ભાડું ચૂકવ્યું હતું. પાંચ વર્ષ પછી આ ભાડાની રકમ બમણી થઈ ચૂકી છે. પોલીસે ૨૦૧૪ના વર્ષમાં ૧૮.૭૧ લાખનું ભાડું ચૂકવ્યું છે. છેલ્લા પાંચ વર્ષના ભાડાનો સરવાળો કરીએ તો ગૃહ વિભાગે ૬૬.૯૪ લાખ રૂપિયા ભાડું ચૂકવ્યું છે...હવે સરકાર જાગી છે અને જે જિલ્લા યુનિટમાં જમીન ઉપલબ્ધ હોય ત્યાં પોલીસ સ્ટેશન બનાવવાની કાર્યવાહી શરૂ કરી છે...